ગુજરાત પ્રદેશ ભાજપા

પ્રેસનોટ ૦૧

તા.30 સપ્ટેમ્બર ૨૦૨૬

-------

ભાવનગરના તળાજા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત નિઃશુલ્ક સાધન સહાય વિતરણ સમારોહ યોજાયો

-------

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અવિરતપણે સેવા અને સમર્પણના ભાવ સાથે વડીલો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો સહિત દેશના ૧૪૦ કરોડ નાગરિકોની ચિંતા કરી રહ્યા છે

- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જાહેર જીવનના ૨૫ વર્ષમાં રાષ્ટ્રસેવાને જીવનનું ધ્યેય બનાવીને સતત કાર્ય કર્યું છે

- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

ભાજપાનો કાર્યકર્તા માત્ર ચૂંટણી સમયે જ જનતાની વચ્ચે દેખાતો નથી, પરંતુ સતત પ્રજાની વચ્ચે રહીને જનસેવાના કાર્યોમાં જોડાયેલો રહે છે

- શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા

-------

કાર્યક્રમમાં જરૂરિયાતમંદ પરિવારના વડીલોને લાકડી, ટોયલેટ સીટ, વ્હીલચેર, કમરનો બેલ્ટ, ગળાનો બેલ્ટ સહિત કુલ ૧૮ પ્રકારની ઉપયોગી વસ્તુઓ વિનામૂલ્યે વિતરિત કરાઇ

-------

ગુજરાત પ્રદેશ ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, ભાવનગર જિલ્લાના તળાજા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની વિશેષ ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વયોવૃદ્ધો માટે ઉપયોગી નિઃશુલ્ક સાધન સહાય વિતરણ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબેન બાંભણિયા પણ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમમાં જરૂરિયાતમંદ પરિવારના વડીલોને લાકડી, ટોયલેટ સીટ, વ્હીલચેર, કમરનો બેલ્ટ, ગળાનો બેલ્ટ સહિત કુલ ૧૮ પ્રકારની ઉપયોગી વસ્તુઓ વિનામૂલ્યે વિતરિત કરવામાં આવી હતી.

આ પ્રસંગે સંબોધન કરતા ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, આજનો આ કાર્યક્રમ ખૂબ જ વિશિષ્ટ છે કારણ કે તે સાચા અર્થમાં વડીલોની સેવા કરીને તેમના આશીર્વાદ મેળવવાનો અવસર છે. જે રીતે માતા-પિતા બાળકને નાનપણમાં આંગળી પકડીને ચાલતા શીખવે છે, તે જ રીતે સમયના બદલાતા ચક્રમાં વૃદ્ધાવસ્થામાં સંતાનોએ પણ વડીલો માટે લાકડીનો સહારો બની તેમની આંખ, કાન અને નાક સમાન સેવા કરવી જોઈએ.

પ્રદેશ અધ્યક્ષશ્રી વિશ્વકર્માએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના અજોડ સેવાભાવને યાદ કરતા જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઇ મોદી અવિરતપણે સેવા અને સમર્પણના ભાવ સાથે વડીલો, ખેડૂતો, મહિલાઓ અને યુવાનો સહિત ૧૪૦ કરોડ જનતાની ચિંતા કરી રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકેની જવાબદારીથી લઈને દેશના વડાપ્રધાન સુધીના ૨૫ વર્ષની જાહેરસેવાની અવિરત યાત્રામાં રાષ્ટ્રસેવાને જીવનનું ધ્યેય બનાવીને તેમણેસતત કાર્ય કર્યું છે.

તેમણે કહ્યું કે, હમણાં જ પ્રધાનમંત્રીશ્રીનો જન્મદિવસ ગયો, પરંતુ તેમણે કોઈ વ્યક્તિગત ઉજવણી કરવાના બદલે વડીલો અને દેશવાસીઓની સેવા કરવાનો જ સંકલ્પ લીધો હતો. તેમના માતૃશ્રીનું અવસાન થયા બાદ પણ તેઓ સહેજ પણ વિલંબ કર્યા વિના તરત જ દેશના જનતાની સેવામાં લાગી ગયા અને આજદિન સુધી એક પણ દિવસની રજા લીધા વિના અવિરતપણે સેવા કરી રહ્યા છે. તેમણે ક્યારેય પોતાના પરિવાર સાથે દિવાળી નથી ઉજવી, પરંતુ સરહદ પર જઈને સેનાના જવાનો સાથે દીપોત્સવ ઉજવી રાષ્ટ્રસેવાને સર્વોપરી ગણી છે.

શ્રી જગદીશભાઈએ વધુમાં ઉમેર્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રીના સંકલ્પ અનુસાર વડીલો અને દિવ્યાંગો સામાન્ય નાગરિકોની જેમ સન્માનપૂર્વક જીવન જીવી શકે તે માટે તમામ જરૂરી સગવડો ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. કેન્દ્રીય મંત્રીશ્રી નિમુબેન બાંભણિયા દ્વારા અત્યાર સુધીમાં અંદાજે ૧૪ જેટલા કેમ્પ યોજવામાં આવ્યા છે અને જિલ્લામાં ૧૦ કરોડ રૂપિયાથી વધુની કિંમતના સાધનો નિઃશુલ્ક આપવામાં આવ્યા છે. દેશમાં ગુણવત્તાસભર શાળાઓનું નિર્માણ, 'નળ સે જળ' યોજના દ્વારા ઘરે-ઘરે પાણી અને કોરોના કાળમાં વિનામૂલ્યે રસીકરણ જેવા કાર્યો આ સરકારની જનકલ્યાણ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, ભાજપાનો કાર્યકર્તા માત્ર ચૂંટણી સમયે જ જનતાની વચ્ચે દેખાતો નથી, પરંતુ સતત પ્રજાની વચ્ચે રહીને જનસેવાના કાર્યોમાં જોડાયેલો રહે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને જાહેર સેવાના 25 વર્ષ પૂર્ણ થવાના અવસર આયોજિત સેવા સંકલ્પ અભિયાનમાં પણ ભાજપાના સૌ કાર્યકર્તાઓ જોડાઈને અનેકવિધ જનસેવાના કાર્યો કરી રહ્યા છે.

આ કાર્યક્રમમાં પ્રદેશ મહામંત્રી શ્રી અનિરુદ્ધભાઈ દવે, જિલ્લા પ્રમુખશ્રી દિગ્વિજયસિંહ ગોહિલ, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અશોકભાઈ લધવા, ધારાસભ્યશ્રી ગૌતમભાઈ ચૌહાણ, સેવા સંકલ્પ અભિયાનનાં પ્રદેશ ઇન્ચાર્જ શ્રી બ્રિજેશભાઈ મેરજા સહિત આગેવાનો, અગ્રણીઓ, સબંધિત અધિકારીગણ તથા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રશાંત વાળા
પ્રદેશ મીડિયા ઇન્ચાર્જ
ભાજપા ગુજરાત